બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# નમ્ર નહી બનનાર વ્યક્તિ

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Jonathan Hay

અનુકૂલન : Mary-Anne S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

નબુખાદનેસ્સાર રાજાએ એક મોટું
સોનાનું પૂતળુ બનાવ્યું. જે ઉપરથી છેક
પગ સુધી ચોખ્ખા સોનાનું હતું.
કદાચ રાજાને જે સ્વપ્ન ઈશ્વરે
મોકલ્યું હતું કે તેનું સોનાનું
રાજ્ય સદાકાળ ટકનાર નથી.
તે ભૂલી ગયો હશે. કદાચ તેણે
વિચાર્યું કે જો તે આખું સોનાનું
પૂતળું બનાવશે તો તેનું
સ્વપ્ન સાકાર થઈ જશે.



રાજાના એક સેવકે રાજાનો આપેલો હુકમ વાંચી સંભળાવ્યો. “... તમારે દરેકે પગે પડીને આ સોનાના પૂતળાને પગે પડવાનું છે ... અને જેઓ તેને પગે પડશે નહીં તેઓ સર્વને બળતી અગ્નિમાં ફેંકી દેવામાં આવશે.”



દરેક વ્યક્તિએ આ પ્રમાણે કર્યું - પણ ફક્ત ત્રણ વ્યક્તિ સિવાય. આ હિબ્રુ વ્યક્તિઓ હતા. તેઓ શાદ્રાખ, મેશાખ અને અબેદનગો હતા. જેઓ દાનિયેલના મિત્રો હતા.



એવું લાગે છે કે તે સમયે ત્યાં દાનિયેલ જોવા મળતો નથી. ચોક્કસ જો તે ત્યાં હોત તો તે માણસે બનાવેલી

મૂર્તિને પગે
લાગ્યો
ન હોત.



રાજયના જ્ઞાની પુરુષો દાનિયેલ અને તેના મિત્રોની ઈર્ષા કરતા હતા કારણ કે રાજા તેમના ઉપર વધુ પ્રેમ કરતો હતો. તેથી તેઓએ કહ્યું કે “ત્રણ વ્યક્તિઓ જેને તમે બાબિલના પ્રાંતમાં સૂબા બનાવ્યા છે તેઓ શાદ્રાખ, મેશાખ અને અબેદનગો.



એ ત્રણ જણ ઓ રાજા તમારી આજ્ઞાનો અનાદર કર્યો છે. તેઓ તારા દેવોની ઉપાસના કરતા નથી અને તમે બનાવેલી મૂર્તિને પગે લાગતા નથી.”





નબુખાદનેસ્સાર રાજા ગુસ્સાથી ભભૂકી ઉઠ્યો. તેણે તેમને ચેતવણી આપી. “જો તમે આ મૂર્તિની ઉપાસના નહીં કરો તો તમને બળતી અગ્નિ ભઠ્ઠીમાં નાખી દેવામાં આવશે. અને આમાંથી તમને કયો દેવ છોડાવી શકે છે?”

રાજા એક મોટી ભૂલ કરી રહ્યો હતો. તે જીવંત ઈશ્વરની વિરૂદ્ધમાં પડકાર ફેંકી રહ્યો હતો. એ ત્રણેય હિબ્રુ મૂર્તિની ઉપાસના કરવી તે ઈશ્વરના કાયદા વિરૂધ્ધ હતું. તેઓ ઉભા જ રહ્યા કેમ કે તેઓએ ઈશ્વર પર ભરોસો રાખ્યો અને રાજાથી



ભયભીત
ન થયાં.

એ ત્રણ બહાદુર યુવાનો પાસે રાજાને કહેવા માટે જવાબ હતો. તેઓએ કહ્યું, “અમારો દેવ જેનું અમે ભજન કરીએ છીએ તે અમને આ બળતી અગ્નિભઠ્ઠીમાંથી બચાવવા માટે સામર્થ્યવાન છે.



પણ તે કદાચ નહીં બચાવે તો પણ ઓ રાજા તમારે નક્કિ જાણવું કે અમે તેં જે દેવો ઉભા કર્યા છે તેની પૂજા કે ઉપાસના કરવાના નથી.”



નબુખાદનેસ્સાર
રાજા ભયંકર ગુસ્સે
થઈ ગયો! તેણે આજ્ઞા
આપી કે તેઓ અગ્નિની
ભઠ્ઠીને જેટલી ગરમ
કરવામાં આવે છે તેના
કરતા સાતગણી વધારે ગરમ
કરો. આમ છતાં આ માણસો
તેના પગે પડ્યાં નહિં.



સૈન્યના બળવાન માણસોએ શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને બાંધીને



અગ્નીની ભઠ્ઠીમાં ફેંકવા માટે હુકમ કર્યો.

અગ્નીની ભઠ્ઠી એટલી બધી ગરમ થઈ ગઈ
હતી કે જેઓ શાદ્રાખ, મેશાખ
અને અબેદનગોને અગ્નિની
ભઠ્ઠીમાં નાંખવા આવ્યા
હતા તેઓ બળીને
મરી ગયા.



રાજાએ એ દ્રશ્ય દૂરથી નિહાળ્યું. તેણે જોયું કે ત્રણ વ્યક્તિઓને સળગતી અગ્ની ભઠ્ઠીમાં નાંખવામાં આવ્યા હતા. પણ તેણે એટલું જ ન જોયું.



નબુખાદનેસ્સા રાજા આશ્ચર્ય પામી ગયો! શું આપણે ફક્ત ત્રણ વ્યક્તિઓને સળગતી અગ્નિ ભઠ્ઠીમાં ફેંક્યા ન હતા? તેણે તેના મદદનીશોને પૂછ્યું. “હા!” તેઓએ જવાબ આપ્યો.



તેણે કહ્યું “અરે જુઓ હું
તો ચાર વ્યક્તિઓને
છૂટા થઈને આગમાં
સાજાસમા ફરતા
જોઉ છું. અને
ચોથાનું તો રૂપ
દેવદૂત જેવું
દેખાય છે.”



રાજાએ બળતી અગ્નીભઠ્ઠીના દરવાજા પાસે જઈને હાંક મારી, “શાદ્રાખ, મેશાખ અને અબેદ-નગો સૌથી મહાન પરાત્પર દેવના સેવકો બહાર આવો!”



ત્યારબાદ શાદ્રાખ,
મેશાખ અનેઅબેદનગો
અગ્નિભઠ્ઠીમાંથી
બહાર આવ્યા.



દરેક લોકોએ ભેગા થઈને આ ત્રણ હિબ્રુને તપાસ્યા. તેઓએ જોયું કે અગ્નિ પાસે કોઈ તાકાત ન હતી કે તેઓને બાળી શકે. તેઓના વાળ બળ્યા ન હતા અને તેમના લૂગડા પણ સળગ્યા ન હતા. તેઓમાં અગ્નિની બળ્યાની ગંધ આવતી ન હતી.



જ્યારે રાજા નબુખાદનેસ્સાને જે થયું હતું તે જોયું ત્યારે તેણએ ખૂબ જ બુદ્ધિની બાબત કરી. તેણે પ્રાર્થના કરી અને કહ્યું કે, "શાદ્રાખ, મેશાખ અને અબેદનગોના દેવને જય હો! તેણે પોતાના દૂતને મોકલીને પોતાના ભક્તોને ઉગારી લીધા છે, કે જમણે તેના પર ભરોસો કર્યો હતો."



# નમ્ર નહી બનનાર વ્યક્તિ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

દાનિયેલ ૩

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬